## જન્મદિને વધામણી



દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫



ગુણવંત ડી ગોહેલ
મો. ૭૮૭૮૦ ૨૪૬૫૬

# ૨૩મીથી અમદાવાદ ખાતે સ્ટેટ ચેસ ટુર્નામેન્ટનો આરંભ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સ્ટેટ ચેસ ઍસોસિએશન દ્વારા અન્ડર-૧૧ (બોય્ઝ અને ગર્લ્સ) તેમજ અન્ડર-૧૭ (ગર્લ્સ) ચેસ ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ ક્લબ, નવરંગપુરા, અમદાવાદ ખાતે તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું છે.

પ્રથમ રાઉન્ડ તા. ૨૩ના રોજ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે. ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી પ્રતિભાશાળી અંદાજિત ૧૫૦ ખેલાડીઓ અન્ડર-૧૭ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. અન્ડર-૧૧ ટુર્નામેન્ટમાં કુલ ૮ હજાર રૂપિયાના તેમજ અન્ડર-૧૭ ટુર્નામેન્ટમાં કુલ ૬ હજાર રૂપિયાનાં ઈનામો અને વિજેતા ખેલાડીને રોટેટીંગ ટ્રોફી એનાયત કરવામાં આવશે. અન્ડર-૧૧ સ્પર્ધામાં વિજેતા પ્રથમ બે ખેલાડીઓ મહારાષ્ટ્ર તેમજ અન્ડર-૧૭ સ્પર્ધામાં વિજેતા પ્રથમ બે ખેલાડીઓ તામિલનાડુ ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. આ અંગેની વધુ માહિતી માટે ગુજરાત સ્ટેટ ચેસ ઍસોસિએશનના સૅક્રેટરી ભાવેશ પટેલ (મો. ૯૪૨૬૦ ૬૪૭૦૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે

# ૨૩મીએ "નિષ્કુળાનંદ કાવ્ય - ૩ ભક્તિનિધિ અને કલ્યાણનિર્ણય" વિષયે ૮૧મું પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

લાખો રૂપિયા રોકી વર્ષો સુધી ધંધો કરે પણ જો કાંઈ નફો ન મળે તો તે ધંધો શા કામનો? વૈદ્યો અને ડૉક્ટરોની લાંબી સારવાર લીધી પણ રોગ ન મટે તો સારવાર શા કામની? એમ આવો અમૂલ્ય મનુષ્ય દેહ પામી આખી જીંદગી મનઘડંત રીતે અને મનભાવંત ભાવે ભક્તિ કરીએ તો પણ જીવનના અંત સુધી અંતરમાં ભગવાનની મૂર્તિ સિદ્ધ ન થાય. અને આત્માનું કલ્યાણ ન થાય, તો તેવી ભક્તિ શા કામની? ભક્તિની સાચી રીતિ પ્રાપ્ત થાય તો જ કલ્યાણનો નિર્ણય સહજ થાય.

ભગવાન સ્વામિનારાયણ પૃથ્વી ઉપર પધાર્યા અને પોતાના ઉપદેશો દ્વારા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યયુક્ત ભક્તિનો સાચો અને સરળ માર્ગ બતાવ્યો. જે તેમના સમકાલીન પરમહંસોએ ગ્રંથસ્થ કર્યો. તે પૈકીના બે અનોખા ગ્રંથો 'ભક્તિનિધિ' અને 'કલ્યાણનિર્ણય' ઉપર અનુક્રમે પૂ.પ્રિયસ્વરૂપદાસ સ્વામી (નિર્દેશક, સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ) અને પૂ. યજ્ઞેશ્વરદાસ સ્વામી (વરિષ્ઠ સંત અને વેદાંતશાસ્ત્રી, સ્વામિનારાયણ મંદિર, સારંગપુર) ચિંતનીય પ્રવચનો આપશે. જેના દ્વારા સાચી ભક્તિની રીત અને તે દ્વારા કલ્યાણનો માર્ગ સમજી શકાશે.

તા. ૨૩-૦૯-૨૦૧૭ને શનિવારે સાંજે ૪:૩૦ થી ૭:૦૦ કલાકે સેક્ટર- ૨૦માં આવેલ અક્ષરધામ હરિમંદિરના સભાગૃહમાં આ પ્રવચનોનો લાભ લેવા સુજ્ઞ નાગરીકોને ભાવભીનું નિમંત્રણ છે.

## પેથાપુરની એમ બી સ્કૂલના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભની વિવિધ રમતોમાં વિજેતા બન્યા

ગાંધીનગર, તા. ૨૧

ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ રમતોમાં એમ બી સ્કૂલ, પેથાપુરના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પૈકી ડિમ્પલ ભટ્ટ, સિદ્ધિ તરાર અને કુંવર જિલ્લાકક્ષાએ કબડ્ડીમાં પ્રથમ સ્થાન વિજેતા બન્યાં હતાં.

જુડોની રમતમાં મોહિત, ઉજમા, ફાતેમા પ્રથમ સ્થાને અને અન્ય બે વિદ્યાર્થીઓએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. કુસ્તીમાં પણ શાળાના બે વિદ્યાર્થીઓએ પ્રથમ અને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જે રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

આ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# તલોદ કૉમર્સ કૉલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શેઠ ઍચ પી આટ્‌ર્સ ઍન્ડ ટી એસ કૉમર્સ કૉલેજ, તલોદ ખાતે ઍનઍસઍસ યુનિટ દ્વારા આચાર્ય ડૉ. જે સી પટેલના માર્ગદર્શન તળે ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. દિલીપકુમાર ચાવડા અને પ્રૉ. જે ઍસ ધોન્ડેની રાહબરી હેઠળ એક દિવસીય શૈક્ષણિક પર્યટનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય સેવા યોજનાના ૫૫ જેટલા સ્વયંસેવકો જોડાયા હતા. અમદાવાદના ખ્યાત નિષ્પક્ષપાતી ત્રિમંદિરની મુલાકાત આ ઉપક્રમ અંતર્ગત લેવામાં આવી હતી, જ્યાં દાદા ભગવાન અને અક્રમ વિજ્ઞાન વિશે પ્રૉજેક્ટ અને ફિલ્મ તેમને દર્શાવવામાં આવી હતી. અહીંનું શાંત વાતાવરણ અને સ્વયંશિસ્ત વિદ્યાર્થીઓને સ્પર્શી ગયું હતું.

આ મુલાકાત બાદ વિદ્યાર્થીઓએ અડાલજની ઐતિહાસિક વાવ તથા સાયન્સ સિટી અને ગાંધી આશ્રમ તથા ગુજરાત વિદ્યાપીઠની પણ મુલાકાત લીધી હતી અને જીવન ઉપયોગી માહિતી મેળવી હતી. સમગ્ર મુલાકાતનું આયોજન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. દિલીપકુમાર ચાવડાએ સફળતાપૂર્વક કર્યું હતું.

# આર જી કન્યા શાળા જિલ્લા ખેલ મહાકુંભમાં ઝળકી

## વિદ્યાર્થીનીઓએ કબડ્ડીમાં દ્વિતિય ક્રમ અને ખો-ખોમાં પ્રથમ ક્રમ સાથે રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું


ગાંધીનગર, તા. ૨૧

ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લાકક્ષાની કબડ્ડી અને ખો-ખોની સ્પર્ધા મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે યોજવામાં આવી હતી. જેમાં શ્રીમતી આર જી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ કબડ્ડીમાં દ્વિતિય ક્રમ સાથે રૂા. ૮ હજાર અને ખો-ખોમાં પ્રથમ ક્રમ સાથે રૂા. ૯ હજારનું રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. કબડ્ડીની ટીમમાં મુસ્કાન મનસુરી, સના અલવિના, કિંજલ ઠાકોર, જીનલ રથવી, ધર્મિષ્ઠા ભંગી અને ખો-ખોની ટીમમાં મેઘલ ગોએલ, હની પટેલ સામેલ હતાં.

આ વિજેતા વિદ્યાર્થીનીઓને શાળાના વ્યાયામ શિક્ષક ઉર્વશીબેન જોષી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળા પરિવાર વતી આચાર્ય સુધાબોન પટેલ, સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને હંસાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

પુર્બાશા કલ્ચરલ ઍસોસિએશન દ્વારા

# ગાંધીનગરમાં ૨૬મીથી દુર્ગાપૂજા



ગાંધીનગર, તા. ૨૧

પુર્બાશા કલ્ચરલ ઍસોસિએશન દ્વારા પ્રતિવર્ષની જેમ આ વખતે પણ ગાંધીનગર શહેરમાં દુર્ગાપૂજાની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ઍસોસિએશનનાં પ્રમુખ આરતી સમાજપતિ અને મંત્રી અરૂણાવા રાહાએ જણાવ્યું છે કે આગામી તા. ૨૬ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન રંગમંચ, સૅક્ટર-૨૨ ખાતે દુર્ગોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૬ના રોજ રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલીના હસ્તે સવારે ૮.૧૫ કલાકે દુર્ગોત્સવનો શુભારંભ કરાવવામાં આવશે. ત્યારબાદ પ્રત્યેક દિવસે સવારે પૂજા, આરાધના અને પ્રત્યેક રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું છે.

તા. ૨૬ના રોજ રાત્રે ૮.૩૦ કલાકથી ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે 'યા દેવી સર્વભૂતેષુ' કાર્યક્રમ, તા. ૨૭ના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી બાળકો માટે ડ્રોઈંગ કૉમ્પિટીશન અને ફૅશન શો અને રાત્રે ૮.૩૦ કલાકથી ગૃપ ડાન્સ અને મૅલોડી મેકર્સ દ્વારા ગૃપ ડાન્સનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૮ના રોજ સવારે ૧૧.૩૦ કલાકથી મહિલાઓ માટે અલ્પના મેકિંગ, શંખ ધ્વનિ અને ઢુનુચી ડાન્સ સ્પર્ધા યોજવામાં આવી છે. રાત્રે ૮.૩૦ કલાકથી સમૂહ ગીત, લોક નૃત્ય અને કન્ટેમ્પરરી નૃત્ય સંગીત નાટક અકાદમી દ્વારા પ્રસ્તુત કરવામાં આવશે. તા. ૨૯ના રોજ સવારે ૯.૩૦ કલાકથી ૧૧.૩૦ દરમિયાન ફ્રી મૅડિકલ કૅમ્પ, યોગા ડાન્સ અને 'પ્રિવેન્શન ઈઝ બૅટર ધેન ક્યોર' વિષયે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ૮.૩૦ કલાકે ક્લાસિકલ ડાન્સ અને સુદીપ મુખર્જી તથા ટીમ દ્વારા સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં રસ ધરાવતા સૌ કોઈ નગરજનોને આ કાર્યક્રમોનો લાભ લેવા માટે આયોજક સંસ્થા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મણિબેન ઍમ પી શાહ કૉલેજનાં ઍમફિલનાં વિદ્યાર્થીની ઉ.ગુ. યુનિ.માં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૧

ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત કન્યા કેળવણી માટે વિખ્યાત એવી મણિબેન ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજના પૂર્વ વિદ્યાર્થીની મંડળનાં પ્રમુખ જલ્પા વિષ્ણુભાઈ પ્રજાપતિએ વર્ષ ૨૦૧૭માં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા લેવામાં આવેલી ઍમફિલની પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ મહિલા કૉલેજ અને કડીનું ગૌરવ વધાર્યું છે. કૉલેજનાં આચાર્ય ડૉ. હિનાબેન પટેલ અને કૉલેજના અધ્યાપકોના પ્રોત્સાહન અને માર્ગદર્શનથી વિદ્યાર્થીનીએ આ સિદ્ધિ હાંસલ કરી છે. સાથે-સાથે જીવન ઘડતર માટે સેવાકીય પ્રવૃત્તિ અને લીડરશીપ હાથ ધરી બીજા જ વર્ષે કૉલેજના જનરલ સૅક્રેટરીની જવાબદારી પણ તેમણે અદા કરી હતી. તેમને કૉલેજકાળ દરમિયાન અનેક ઈનામો અને પ્રમાણપત્રો મળ્યાં છે. અર્થશાસ્ત્ર વિષય સાથે તેઓ ગ્રૅજ્યુએટ થયાં છે અને ૭૫.૮૪ ટકા સાથે કૉલેજમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયાં છે. ઍમફિલમાં પણ યુનિવર્સિટી કક્ષાએ તેઓ પ્રથમ આવ્યાં છે. તેમની કારકિર્દીના ઘડતરનાં વર્ષોમાં મહાવિદ્યાલયથી વિશ્વવિદ્યાલય સુધી તેઓ પ્રથમ રહ્યાં છે. તેઓ ઍસઆરઍસ કૉલેજ ઑફ ફિઝીયોથેરાપી, કડી ખાતે છેલ્લાં ત્રણ વર્ષથી વિઝીટીંગ લાયબ્રેરીયન તરીકે પોતાની ફરજ અદા કરી રહ્યાં છે.

# આદર્શ નિવાસી કન્યા શાળા દ્વારા 'સ્વયં શિક્ષણ દિવસ'ની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૧

આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સૅક્ટર-૮ ખાતે શિક્ષક દિનની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. શાળાની ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓએ શિક્ષકની ભૂમિકા એક દિવસ માટે ભજવી હતી અને શિક્ષણકાર્ય બાદ પોતાના પ્રતિભાવો પણ આપ્યા હતા. વિદ્યાર્થીનીઓએ પણ આ એક દિવસનાં શિક્ષકો માટે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. ધોરણ-૧૨ની વિદ્યાર્થીની નીરૂ પરમાર અને ઈશકા ગુમાને આચાર્યપદ શોભાવ્યું હતું, તેમના દ્વારા શિક્ષકોનું મૂલ્યાંકન કરાયું હતું. પ્રથમ ક્રમે નમ્રતા દુલેરા, દ્વિતિય ક્રમે હિરલ ડાભી અને તૃતિય ક્રમે મીનાક્ષી વાણિયા વિજેતા બન્યાં હતાં.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**




(૧) કેન્દ્રીય મંત્રીમંડળે કયા રાજ્યમાં 'ઉદ્યોગ પહલ' યોજનાની શરૂઆત કરી છે?
(એ) જમ્મુ-કાશ્મીર
(બી) બિહાર
(સી) આસામ
(ડી) પંજાબ

(૨) તાજેતરમાં અમેરિકાના કયા સ્થળે ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧૫૦ લોકોનાં મોત થયાં હતાં?
(એ) ટેક્સાસ (બી) કેલિફોર્નિયા
(સી) ન્યૂયોર્ક (ડી) મેક્સિકો

(૩) ભારતમાં કયા સ્થળેથી જીરો હંગર પ્રોગ્રામનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
(એ) લુધિયાણા (બી) દિલ્હી
(સી) ગોરખપુર (ડી) પુણે

(૪) બિહારના ભાગલપુરની કઈ પરિયોજના અંતર્ગત બની રહેલો બંધ ઉદઘાટન પહેલાં જ તૂટી ગયો હતો?
(એ) ધાધરા કોસી નદી પરિયોજના
(બી) બટેશ્વર ગંગા પંપ નહર પરિયોજના
(સી) તાપી પન વીજળી પરિયોજના
(ડી) સરદાર પટેલ નહર પરિયોજના

(૫) ભારતના કયા રાજ્યની સરકારે જમીન રેકર્ડને આધાર કાર્ડ સાથે જોડવાની જાહેરાત કરી છે?
(એ) ગુજરાત (બી) ઉત્તર પ્રદેશ
(સી) રાજસ્થાન (ડી) ઉત્તરાખંડ

(૬) કયા કેન્દ્રીય મંત્રીએ તાજેતરમાં પ્રથમ પેન્શન કોર્ટનું ઉદ્‌ઘાટન કર્યું છે?
(એ) પ્રકાશ જાવડેકર (બી) સુભાષ ચંદ્રા
(સી) ડૉ. જીતેન્દ્ર સિંહ (ડી) ડૉ. પદમ કુમાર

(૭) કારગિલ યુદ્ધના હિરો વિક્રમ બત્રાની બાયોગ્રાફી ધ શેરશાહ ઓફ કારગિલ પુસ્તકના લેખક કોણ છે?
(એ) તલવીન સિંહ (બી) સાગરિકા ઘોષ
(સી) દિપક સુરાના (ડી) વિક્રાંત ગુપ્તા

(૮) ગોલ્ડન હાઉસ પુસ્તકના લેખક કોણ છે?
(એ) સલમાન રશ્દી (બી) તસલીમા નસરીન
(સી) વિક્રમ સેઠ (ડી) શશી થરૂર

(૯) કયા દેશની રાજધાની અસ્તાનામાં આંતર સરકારી આયોગની ૧૩મી બેઠક યોજાઈ હતી?
(એ) મંગોલિયા (બી) કઝાખિસ્તાન
(સી) અજરબૈજાન (ડી) કિર્ગીસ્તાન

(૧૦) ભારતે વિશ્વ સિનિયર બેડમિંટન પ્રતિયોગિતા માટે કેટલા માટે જિત્યા હતા?
(એ) ૨૦ (બી) ૨૨ (સી) ૨૪ (ડી) ૨૧

# ભારતમાં હવે કૃષિક્ષેત્ર માટે પાણીનું પૂર્વ આયોજન કરો




ભારત હજી પણ ખેતીપ્રધાન રાષ્ટ્ર છે અને પાંસઠ ટકા આબાદી પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પોતાની આજીવિકા કૃષિક્ષેત્રમાંથી જ મેળવે છે. અસંગઠિત ક્ષેત્રના મજદૂરોમાં કૃષિ પણ મોટું ક્ષેત્ર છે. આ બધી હકીકતો હવે જરા પણ નવી નથી. તેમ છતાં ચર્ચા એટલા માટે કરવી પડે છે કે ભારતનો ખેડૂત વિવિધ કારણોને લીધે કૃષિ પ્રવૃત્તિથી નારાજ અને તારાજ છે. હવે નર્મદાનાં નીર સૌરાષ્ટ્ર, કચ્છ સહિત પૂરા રાજ્યમાં પહોંચી ગયાં છે. પીવાનાં પાણીની વિકટ કે વિકરાળ સમસ્યાનો અંત આવી ગયો એ ઘણી સફળતા અને આનંદની બાબત છે. વડાપ્રધાનની તમન્ના છે કે ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવી છે. તે માટેનાં ધોધમાર આયોજન હાલમાં કાર્યરત છે. વડાપ્રધાનની મક્કમતા માટે હૃદયથી સલામ કરવી પડે તેમ છે. પરંતુ મોટી મુશ્કેલી જે ઊભી થાય છે તે આભમાંથી ઉતરી પડે છે. આભમાંથી અમૃતધારા વરસી શકે છે અને આફતધારા પણ આવી શકે છે, જે કારણે આપણાં નિર્ધારિત કૃષિ લક્ષ્યાંકો સુધી પહોંચી શકાતું નથી.

ચોમાસું પર્યાવરણનું સંતુલન વિકૃત થવાના કારણે અનિયમિત અને આડાઅવળું થઈ જાય છે, જે માનવીય પ્રબંધનથી અંકુશિત કે ચોક્કસ કરી શકાતું નથી. વિપુલ પાક માટે સમયસર વરસાદનું આગમન, ત્યારબાદ સમયાંતરે વર્ષા આવે એ મહત્ત્વની ચીજ છે. હવે કુદરતની કેટલી કૃપા રહેશે તેનો કોઈ અંદાજ આવી જતો નથી. અતિવૃષ્ટિથી પાક બરબાદ થઈ જાય છે, જેને ગુજરાતની દેશી ભાષામાં લીલો દુષ્કાળ પણ કહેવાય છે. પ્રશ્નો કૃષિના જે કોઈ છે તેમાં વિવિધતા ઘણી છે. રાજ્યો મુજબ પણ સ્થિતિ સમાન નથી. જે રીતે ચોમાસું પ્રવર્તે છે તે જ મુજબ એટલે કે સારાં બિયારમ, ઉમદા વરસાદ, અનુકૂળ વાતાવરણ, સમયાંતરે પામી અને અંતે પાક પ્રાપ્ત થાય ત્યારે યોગ્ય ભાવ. આ પ્રક્રિયામાં મુખ્ય મુદ્દો પાણી છે. બધું ભૂલી જાઓ, બધું નકામું લાગે તે સંકેલો પણ પૂરતું પાણી બારે માસ પ્રત્યેક ગામે અને ખેતરે પહોંચી જાય એ કામ થાય તો બેડો પાર. જળ પ્રબંધનમાં હવે જબરી ક્રાંતિ કરવી જ પડે તેમ છે. અમરેલી જિલ્લાના એક ગામમાં ઘણા વિસ્તારમાં એક સરોવર બનાવવામાં આવ્યું જેમાં પાણી ભરેલું રહેશે તેની પણ કાળજી વ્યક્ત કરવામાં આવી છે. અમરેલી ખાતે અમર ડેરીના પ્લાન્ટના ઉદ્‌ઘાટન વખતે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન દ્વારા આ બાબતો અણસાર આપવામાં આવ્યો હતો.



કૃષિકારોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાનો નિર્દેશ પણ વડાપ્રધાને અમરેલી ખાતે આપ્યો હતો. તબક્કા પ્રમાણે આ આવક કઈ રીતે ડબલ થશે તેનો મુસદ્દો તો કેન્દ્રમાં હશે જ પણ જે તાતી આવશ્યકતા ઊભી થઈ છે તે બારેમાસ ખેતી માટે જળપ્રાપ્તિની છે. નદીઓ બચાવવા માટે સદગુરુ વાસુદેવ જગ્ગીની જે ઝુંબેશ શરૂ થઈ છે તે ખૂબ જ સમયસરની છે. નદીઓ બચાવો એ સમાજને જીવાડશે. નદીઓનાં નીરને જોડવાનું મહાઅભિયાન જન અભિયાન બને તે ઈચ્છનીય છે. પાણી અને વાણીને સ્વચ્છ રાખવાની બાબત પ્રાથમિક શાળાથી જ શિખવવામાં આવે છે છતાં માણસ વૃધ્ધ થાય છતાં સ્થિતિ સુધરતી નથી. માટે જાગૃતિ લાવવાના પ્રયાસો ઈષ્ટ લાગે છે.

જમીન એક ઈંચ વધારી શકાતી નથી. પરંતુ બિનખેતીલાયક જમીનોમાં વૃધ્ધિ થયા કરે છે. કાણ કે શહેરીકરણ વધતું જાય છે. કૃષિ અન્ય લોકો દ્વારા થવા લાગી છે. યાંત્રિકરણ પણ ધીમી ગતિથી થઈ રહ્યું છે. સ્વયંની પ્રવૃત્તિમાં જેને પ્રેમ નથી ત્યાં પ્રગતિ થવી એ દિવાસ્વપ્ન જેવું હોય છે. સબસિડીઓમાં પુનર્વિચારણા કરી પામીની ઉપલબ્ધિ ઉપર જ ધ્યાન આપવામાં આવે તો કૃષિ કંચન સાબિત થાય તેવી ઉજળી સંભાવના દેખાય છે. ચાલુ વર્ષે બિહાર, ગુજરાત, આસામ, યુપી જેવાં રાજ્યોમાં પૂર આવ્યાં અને જીવન નિસાર થઈ ગયું તો બીજી તરફ દક્ષિણના રાજ્યોમાં પીવાના પાણીનો કકળાટ અને તકરાર ચાલે છે. કોઈમ્બતૂર જેવા શહેરમાં પાણીની સમસ્યા જોવા મળે છે. જળ એ જ જીવન હોય તો જીવન જેને મળ્યું છે તે લોકો જળની ચિંતા નહીં કરે તો કોણ કરશે ? નદી, તળાવ, જળાશયોમાં થતી જળચોરીને કોઈપણ રીતે રોકવી જ પડશે. તેમાં કોઈ ભેદભાવ રાખવો એ સામાજિક અપરાધ ગણાવો જોઈએ. વિશ્વમાં જળ પ્રધાન છે છતાં પીવાલાયક પાણી એક ટકો જ છે. ખેત તલાવડીઓની ઝુંબેશો ચાલી હતી પરંતુ હાલમાં કઈ સ્થિતિ છે તેની મોજણી થવી જોઈએ. સરકારી ક્ષેત્રનાં એકમોમાં જળ સતત વહ્યા જ કરે છે, જે જોઈને નાગરિક દુખી થાય છે. નળ વહ્યા જ કરે પછી સંકટ કઈ રીતે ઘટે ? કૃષિ કંગાળ ક્ષેત્ર નથી, એ કંચન છે જો તેમાં ધ્યાન આપવામાં આવે તો. જય જવાન જય કિસાન બોલવાથી કશું નક્કર થઈ જતું નથી.

**શેર આસ્વાદ**

નર્યું પાણી જ મારા દર્દનો
ઉપચાર લાગે છે, રડી લઉં છું મને
જ્યારે હૃદય પર ભાર લાગે છે
(ગની દહીંવાલા)